**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot**
Ground Floor, CCDC Building, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

**CCDC**
Dr. N.A. SHAH
Co-Ordinator

Re-Accredited
Grade **A** by NAAC

Ref.: ---
Date: 18/01/2019

# પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા ૨૫,ફેબ્રુઆરી, ૨૦૧૯ થી જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની ૫૧૬ તથા જી.પી.એસ.સી. પોલીસ ઈન્સ્પેકટર(પી.આઈ.) વર્ગ–૨ ની ૬૦ જગ્યાઓ માટેના સંયુકત પ્રિલીમીનરી પરીક્ષાનાં કોચીંગ વર્ગનું આયોજન...

## મામલતદાર/નાયબ મામલતદાર અને પી.આઈ. બનવાં જી.પી.એસ.સી. ની પ્રાથમિક કસોટી માટે આગોતરા સફળતાની તૈયારી માટેનું વિશિષ્ટ આયોજન....

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અનેક વખત રેકોર્ડબ્રેક સફળતા મારફત સરકારી નોકરીઓ મેળવી છે. સી.સી.ડી.સી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત ૩૦ થી ૩૦૦ કલાકના નિયમીત તાલીમવર્ગો મારફત જી.પી.એસ.સી., ગુજરાત ગૌણ સેવા, તલાટી, શિક્ષક અભિયોગ્યતા કસોટી, આઈ.બી.પી.એસ., સ્ટાફ સિલેકશન વગેરે રાજય તેમજ કેન્દ્ર કક્ષાની મહતમ પરીક્ષાઓની તાલીમ નિષ્ણાંત તજજ્ઞો રાઉન્ડ ધી કલોક આયોજનો, સમૃદ્ધ લાયબ્રેરી અને સમયાંતરે સચોટ કાર્યશાળાઓના આયોજનથી ચલાવવામાં આવે છે અને ઉતરોતર તાલીમાર્થીઓ મારફત સીમાચિહ્ન સફળતાઓ પ્રાપ્ત થયેલ છે. આગામી જૂન–જૂલાઈ માસમાં જી.પી.એસ.સી. મારફત જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨, હિસાબી અધિકારી વર્ગ–૧, નાયબ સેકશન અધિકારી/નાયબ મામલતદાર, હિસાબી અધિકારી વર્ગ–૨, રાજયવેરા નિરીક્ષક વર્ગ–૩ ની કુલ ૫૧૬ તથા જી.પી.એસ.સી. પોલીસ ઈન્સ્પેકટર(પી.આઈ.) વર્ગ–૨ ની ૬૦ જગ્યાઓ માટે પ્રવેશ પરીક્ષાની જાહેરાત કેલેન્ડરના માધ્યમથી કરાયેલ છે ત્યારે સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓ સમયનો સદ્ ઉપયોગ કરી આગોતરા તૈયારી કરી શકે અને આવનારી સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવી શકે તે માટે સી.સી.ડી.સી. ના માધ્યમથી ઉપરોકત પરીક્ષાઓમાં સફળતા મળે તે પ્રકારે સિલેકટેડ ટોપીક જેવા કે, ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, બંધારણ, પંચાયતી રાજ, જાહેરનીતી અને શાસન, ભારતની વિદેશી નિતી, ભારતીય અર્થતંત્ર અને આયોજન, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાન્ય બૌદ્ધિક ક્ષમતા અને કરન્ટ અર્ફેસની વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ **તા. ૨૨,ફેબ્રુઆરી, ૨૦૧૯** સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીગ, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રેજ્યુએશન માર્કશીટ, જી.પી.એસ.સી. પોલીસ ઈન્સ્પેકટરના ઓનલાઈન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

for, [signature]
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)